નામ..................................
સરનામું..............................

POST - REGD. No. GBK-241/2012-2014 RNI. No. 68504-98

માધ્યિમક શિક્ષકોની સમસ્યાઓને વાચા આપતું દર મહિનાની ૧૫મી તારીખે પગટ થતું માસિક

બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘનું મુખપત્ર

# બનાસગંગા શિક્ષણ

વર્ષ- ૧૪ અંક :૬ જુલાઈ -૨૦૧૨ વાર્ષિક લવાજમ : રુ. ૩૦/- પાનાં - ૮ છૂટક કિંમત : રુ ૩-૫૦

**પ્રકાશક : ઈલિયાસ એમ. સિંધી,** ગુજરાત હાઈસ્કૂલ, ત્રણબત્તી પાસે, પાલનપુર ફોન: ૦૨૭૪૨-૨૬૨૧૦૬ (ઓ) મો: ૯૪૨૮૬૫૪૨૦૧ E-mail: iliyassindhi@gmail.com
**તંત્રી : હરેશભાઈ જી. ડાભી** સરદાર પટેલ હાઈસ્કૂલ, ડીસા (બ.કા.) ફોન: (ઓ.) ૦૨૭૪૪-૨૨૦૯૭૪ (રહે.) મો: ૯૪૨૬૪૪૪૫૬૮ E-mail: hgdabhi_2011@rediffmail.com
**સહ તંત્રી : નવીનભાઈ એન. પટેલ,** આદિવાસી વિદ્યાલય, ઈકબાલગઢ તા. અમીરગઢ બ.કાં. મો. ૯૯૨૫૧૩૪૧૮૦

## પ્રમુખ સ્થાનેથી.......



### "શિક્ષક પથદર્શક છે, નહિ કે પંતૂજી"

પ્રિય શિક્ષક ભાઈ બહેનો,
સાદર પ્રણામ,

આપ સર્વે સુવિદિત છો જ કે અમારો સંઘ સંચાલન કાર્યકાળ પૂર્ણ થાય છે.

ગત તા: ૧-૮-૨૦૧૦ના રોજ આપણા સંઘના પ્રમુખપદ માટેની (પ્રમુખ સિવાયના તમામ હોદ્દાઓ બિન હરીફ થયેલ) ચૂંટણી યોજાયેલ.

આ અગાઉ એટલે કે વર્ષ ૨૦૦૪-૦૫ તથા વર્ષ ૨૦૦૮ થી ૨૦૧૦ના વર્ષોમાં આપણા સંઘના "મંત્રી" તરીકે સેવા બજાવેલ, તે દરમ્યાન મારા ભાગે આવેલ સંઘ જવાબદારી તથા શિક્ષકોમિત્રો તરફથી મૂંઝવણ ભરેલા પ્રશ્નોનું યોગ્ય માર્ગદર્શન આપવાની જવાબદારી રહેલ અને આ જવાબદારીમાં આપણા કાયદાનું તેમજ વખતોવખતના પરિપત્રો-ઠરાવોનો ઉંડો અભ્યાસ કરવાની તક મળી તે બદલ આપનો અને આપણા સંઘનો ઉપકાર ક્યારેય ભૂલાય તેમ નથી.

સાથે સાથે શિક્ષક મિત્રોની-આચાર્યમિત્રોની-શાળાના કારકૂનમિત્રોની-વિવિધ ડી.ઈ.ઓ. (બનાસકાંઠા)શ્રીઓની-ઓફિસના કારકૂનોની તેમજ એ.ડી.આઈ.મિત્રોની માનસિકતા તથા દલાલોની અને કચેરીની ભ્રષ્ટતા તેમજ રાજ્યકક્ષાના ઉચ્ચ અધિકારીશ્રીઓની સારાઈની.. આ બધીજ બાબતોનો સારો અભ્યાસ કરવા મળ્યો અને આ બધાજમાં **શિક્ષકોની ભીરૂતા અને કચેરીની ભ્રષ્ટતાએ મને "આપણા સંઘના પ્રમુખ બનવા માટે પ્રેરણા આપી"** વર્ષ ૨૦૧૦માં જ મેં, શ્રી હરેશભાઈ ડાભી, વડીલ જયંતિભાઈ પટેલ (સરભવાનસિંહ હાઈસ્કૂલ, દાંતા), મુરબ્બી શ્રી અમરસિંહભાઈ ચૌહાણ તથા મુરબ્બી નાગજીભાઈ રાજપુત (ડોડગામ- થરાદ) વગેરેએ નક્કી કરેલ કે જો ડી.ઈ.ઓ. કચેરીની આજ રીત-રસમ ચાલુ રહેશે તો, આગામી (વર્ષ જૂન-૨૦૧૦ થી ૨૦૧૨)માં ધોરણ-૮ અપર પ્રાયમરીમાં જવાની નવી શિક્ષણ નીતિના કારણે ઘણા શિક્ષકમિત્રો ફાજલ થશે જેમાં શાળામંડળો, કેટલાક આચાર્યમિત્રો હકદાર શિક્ષકોને અન્યાય કરશે તેમજ **શિક્ષકોના હજારો રૂપિયા સરવાળે લાખો રૂપિયાની કચેરી લૂંટ કરતાં વાર નહિ કરે (નૂરીયાઓ ધારદાર છરા લઈને તૈયાર જ બેઠા હતા)** તેમજ શિક્ષકોને કોર્ટ-કચેરીના સહારા લેવા પડશે તથા અકારણે મંડળો-આચાર્યમિત્રો સાથે કાયમી મનદુઃખ સાથે નોકરી કરવી પડે, જે કર્મચારી માટે હિતાવહ નહોતું. આ તમામ પાસાઓને નજર સમક્ષ રાખી મારે "પ્રમુખ" તરીકે લડવું તેવું નક્કી કરી ચૂંટણીમાં ઉભો રહ્યો અને **"આપના સાથ-સહકાર અને આર્શિવાદથી વિજય થયો"**

સૌ પ્રથમ છઠ્ઠા પગાર પંચના **"ટીકડા"** (પે-વેરિફીકેશન સ્ટીકર) થી માંડી નવી શિક્ષણનીતિના કારણે ફાજલ થયેલ મિત્રોની ન્યાયી-અન્યાયી બાબતોને

( વધુ પાન-૨ ઉપર )

## તંત્રી સ્થાનેથી.......



### "પ્રલોભનોથી દૂર રહીએ તો, નિડરતાપૂર્વક સફળ નેતૃત્વ કરી શકાય છે."

પ્રિય શિક્ષક ભાઈઓ અને બહેનો,
સાદર પ્રણામ,

મિત્રો, ઘણીબધી રાહ જોવડાવ્યા પછી વર્ષાઋતુનું આગમન થયું છે. પ્રકૃતિ પોતાના નિયમાનુસાર કામ કરે જ છે. પરંતુ માનવીઓના પાપાચારથી પ્રકૃતિ ક્યારેક રોષ પણ ઠાલવે છે, જેનો ભોગ સર્વ જીવો બને છે. આપણી ફરજ છે કે, આપણે કુદરતને સાચવીએ, કુદરત આપણને સાચવશે જ.

મિત્રો, જોતજોતામાં આપણી ગત ચૂંટણીના બે વર્ષ પૂરા થઇ ગયા, કોઈપણ પ્રકારના ધર્મ, જ્ઞાતિ અને સમાજને ધ્યાનમાં લીધા સિવાય જિલ્લાના તમામ શિક્ષકમિત્રોએ અમોને બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘની ધૂરા સંભાળવા આપી હતી, તેમાં છેલ્લે-છેલ્લે **કર્મયોગી તાલીમમાં મિત્રોને મળવાનું થયું અને તે મિત્રોએ અમને જે પ્રતિભાવો આપ્યા તેના ઉપરથી ચોક્કસ કહી શકાય કે, ભ્રષ્ટાચારથી દૂર રહી, નિડરતાથી કોઈપણ પ્રકારના પ્રલોભન વગર શિક્ષક સંઘનું નેતૃત્વ કરી શકાય છે,** જે અમારી ટીમે કરી બતાવ્યું. જ્યારે શિક્ષક સમાજ, સંઘના હોદ્દેદારો માટે આવું કહે તો સમજવું જ રહ્યું કે, સંઘના હોદ્દેદારોએ સંઘ માટે ચોક્કસ નક્કર કામ કર્યું હશે જ.

મિત્રો, **સંઘની ધૂરા સંભાળી ત્યારે અમારી સામે અનેક પડકારો હતા. જેમકે, ડી.ઈ.ઓ. કચેરીના કર્મચારીઓ ભ્રષ્ટાચારની હદ વટાવી ચૂક્યા હતા! તેમની બદલીઓ કરાવવાની હતી, વિવિધ પ્રકારના એરિયર્સ બિલો લાંબા સમયથી પેન્ડિંગ પડયા હતા-તે અપાવવાના હતા, જી.પી.એફ. ઓન લાઈન કરાવવાનું હતું, પગાર ઓન લાઈન કરાવવાનો હતો, બહાલીઓનો પ્રશ્ન ઉકેલવાના હતો, છઠ્ઠા પગાર પંચનું ફિક્સેશન કરાવવું અને તેના પે-વેરિફિકેશન સ્ટીકર (ટીકડા) સમયસર લાવવાના હતા, ઉચ્ચત્તર પગાર ધોરણના ફીક્સેશનની ફાઈલો પેન્ડિંગ પડી હતી- તેને ઝડપથી મંજુર કરાવવાની હતી, ગણ્યા ગણાય નહિ, તેટલા પ્રશ્નોની વણજાર હતી, તેમાં વળી સૌથી મોટો પ્રશ્ન ધોરણ-૮ અપર પ્રાયમરીમાં જવાથી ફાજલ થતા શિક્ષકોને કોઈપણ પ્રકારના શોષણ વગર યોગ્ય રીતે ગોઠવણ કરાવી, નિકાલ લાવવાનો હતો.**

મિત્રો, ઉપરના તમામ પ્રશ્નો અમારી ટીમે સહજતાથી **કોઈપણ પ્રકારનો ભ્રષ્ટાચાર થવા દીધા સિવાય સફળતાથી ઉકેલી શક્યા છીએ.**

( વધુ પાન-૨ ઉપર )

## સાધારણ સભા

બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘની કારોબારી સભા **તા: ૨૨-૦૭-૨૦૧૨ ને રવિવારના રોજ બપોરે: ૧-૦૦ કલાકે** સ્થળ: **સાંદીપનિ આશ્રમ- શિક્ષક ભવન, પાલનપુર** ખાતે રાખવામાં આવેલ છે. તેથી કારોબારી, શાળા પ્રતિનિધિ અને સંપાદક મંડળ તથા સંઘના તમામ સભ્યશ્રીઓને હાજર રહેવા જણાવવામાં આવે છે.

**એજન્ડા:-**

(૧) વર્ષ: ૨૦૧૧ના હિસાબો અંગે
(૨) અધિવેશનના હિસાબો અંગે
(૩) આગામી ટર્મ માટે આપણા સંઘની **"ચૂંટણી"** યોજવા અંગે.
(૪) પ્રમુખ સ્થાનેથી જે રજૂઆત થાય તે.

**મહામંત્રી,**
**બ.કા.જિ.મા.શિ.સંઘ**

## હાર્દિક અભિનંદન અને આભાર
## બનાસકાંઠા જિલ્લાની મા. અને ઉ.મા. શાળાના આચાર્યમિત્રોને....

**આદરણીય આચાર્યમિત્રો, સાદરપ્રણામ**

આપના દ્વારા આપની શાળામાં નૈતિકમૂલ્યોને ધ્યાને રાખી ફાજલ થવા પામતા જ શિક્ષકોને ફાજલ કરી આપણા જિલ્લાને ફાજલ બાબતે વિવાદ, અન્યાય કે ભ્રષ્ટાચારથી મુક્ત રાખી ફાજલ મિત્રોને યોગ્ય સ્થાને ગોઠવવામાં સહયોગ આપી તેમજ **આપના વર્તમાન સંઘ હોદ્દેદારોને પુનઃવહીવટ સોંપી ડી.ઈ.ઓ. કચેરીને વધુ સ્વચ્છ બનાવવા જે ઉમદા વલણ દાખવ્યું છે** તે બદલ બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ આપનો હ્રદયપૂર્વક આભાર માને છે.

**આપના પુનઃસ્થાન પામેલ તમામ સંઘ હોદ્દેદારોને હાર્દિક અભિનંદન** તેમજ આપણા સાથી શિક્ષકમિત્રોને આપના જ પરીવારના સદસ્યોમાની જીલ્લાના શિક્ષણનો ઉત્તરોત્તર વિકાસ કરીએ તેવી અપેક્ષા સહ...

**- આપનો ઈલીયાસ સિંધી**

**( પાન-૧ નું ચાલુ .. પ્રમુખ સ્થાને થી )**

**મા.ડી.ઈ.ઓ.શ્રી પટેલ સાહેબ સાથે બેસી પારદર્શકતા પૂર્વક તમામ ફાજલમિત્રોનું યોગ્ય સ્થાને કોઈપણ અન્યાય કે ભ્રષ્ટાચાર વગર નિરાકરણ લાવવા સફળ થયો છું.** (જો કે આ કાર્યમાં મા.ડી.ઈ.ઓ.શ્રી, તેમની કચેરીના તમામ કર્મચારીઓ તથા મા. ફુલજીકાકા (પ્રમુખ, બ.કા. આચાર્ય સંઘ), મુરબ્બી શ્રી વેલાજી પુરોહિત (મહામંત્રી, બ.કા. આચાર્ય સંઘ) તેમજ મુ. લેબાભાઈ દેસાઈ તથા મુ. અજીતસિંહ રાઠોડ જેવા પદાધિકારી આચાર્યમિત્રોની મદદ ભૂલાય તેમ નથી.

**આ બધાજ કાર્યોનો યશ આપણા મા. કમિશ્નર શ્રી સી.વી.સોમ સાહેબને આભારી છે કે, તેઓશ્રીએ વર્ષોથી કચેરીને બદનામ-ભ્રષ્ટ કરી મૂકેલ માથાભારે તત્વોને દૂર કરી આપણા ઉપર મોટો ઉપકાર કરેલ છે.** જો કે આ બાબતને રેઢી મૂકાય તેમ નથી. **"નૂરીયાનો વાયરસ હજુ નિર્મૂળ નથી થયો" રાજ્ય સ્તરના કેટલાક ના-દુરસ્ત અધિકારીઓના સહારે "નૂરીયાઓ" પોતાના જુના સ્થાને આવવા પ્રયત્નશીલ છે-** જે ખાસ ધ્યાન રાખવા જેવી બાબત છે. જો કે આના માટે એકજ ઈલાજ છે કે, **શિક્ષકમિત્રો પોતાના સ્વાર્થ ખાતર ભ્રષ્ટાચારને પોષણ ન આપે અને આગામી વર્ષો માટે મજબૂત સંઘ હોદ્દેદારો પસંદ કરે.**

મિત્રો, કેટલાક શિક્ષકમિત્રોની એવી માનસિકતા હતી કે, સંઘ આપણા માટે શું કરે? **તો મિત્રો, અભિમાન સાથે નહિ, પણ ગર્વ સાથે કહું છું કે, "અમારી બોડીએ આપના અને સંઘ માટે શું કર્યું ? વિચારી લેશો."**

હું, મારા સાથીમિત્ર હરેશભાઈ અને અમારી ટીમ આપના જેટલી જ માનસિકતા ધરાવતા શિક્ષકો જ છીએ, પણ **શિક્ષકો અને જિલ્લાના શિક્ષણ બાબતે આપણી કચેરીના કર્મચારીઓ સાથે ક્યારે બાંધ છોડ કરી નથી.** મારા શિક્ષકમિત્રો તાલીમ દરમ્યાન કેવું ભોજન લે છે- તેનું પણ અમોએ કોઈપણ એ.ડી.આઈ.મિત્રોની સેહશરમ રાખ્યા સિવાય જરૂર પડ્યે કહેવા જેવું કહેલ છે. કેમ કે, આપે અમારા ઉપર પૂર્ણવિશ્વાસ મૂક્યો હતો.

તે જ રીતે સાથીમિત્ર શ્રી હરેશભાઈ ડાભી (મહામંત્રી)એ તેમની જ જ્ઞાતીના કારકૂન સાથે સઘર્ષમાં ઉતરવું પડેલ (સામાજીક ઘણું દબાણ હોવા છતાં) અને શિક્ષકોના હિતાર્થે પરિણામ સુધી લડતા રહ્યા કેમ કે, આપે અમારા ઉપર વિશ્વાસ મૂકેલ.

તેવી જ રીતે શિક્ષકો અને બહેનો સાથે અભદ્ર વ્યવહાર કરવા ટેવાયેલ જે તે સમયના એ.ડી.આઈ. શર્મા સાથે જંગ છેડવો પડેલ અને તેનો બોધપાઠ તેમના જેવા અન્ય મિત્રોએ પણ લીધો. કેમ કે આપે અમારા ઉપર વિશ્વાસ મૂકેલ.

કચેરીના રંગે રંગાઈ જવા અમારા ઉપર ઘણા દલાલોએ ઓફર કરેલ પણ અમારી આ માનસિકતા જ નહોતી તેમજ આપે અમારા ઉપર વિશ્વાસ મૂક્યો હતો. **ઘાત કેમ થઈ શકે?**

મિત્રો, ઉપરની કામગીરી દર્શાવી છે તે અમારી ભાટાઈ ન સમજતા માત્ર આટલું જ સમજવા પ્રયત્ન કરશો કે.....

**"શિક્ષક પથદર્શક છે, નહિ કે પંતૂજી", "સંઘને સહકાર આપો તો સંઘ ઘણુંબધુ કરી શકે છે, માટે નકારાત્મક ન વિચારો"** સંઘના પ્રત્યેક સાત્વિક કાર્યમાં સહકાર આપવો એ આપણા વ્યવસાયિક અસ્તિત્વ માટે ફરજીયાત છે.

**"આપણે સંઘનું સર્જન આપણા હક્કોની જાળવણી માટે કર્યું છે, માટે દુર્બળ-ખુશામતખોરો-દલાલો અને પદ લઈને બેસી રહેનારાઓને ક્યારેય સંઘ ધૂરા ન સોંપવા વિનંતી."**

આપણા સંઘે ફાજલ શિક્ષકોને સમાવવા બાબતે હંમેશા નિડર રહીને રાજ્ય સ્તરે નિર્ણય લેતા અધિકારીઓને વિવિધ વિચારો આપ્યા છે, સાથે સાથે તેમના અધૂરપવાળા પરિપત્રોને અગાઉના સંદર્ભો બતાવી તૂર્તજ સુધારા કરવા માટે વિનંતી કરતા રહ્યા છીએ અને જેનો સ્વીકાર કરાયેલ છે. તેમજ આ રજુઆતો આપણા મુખપત્ર **"બનાસગંગા શિક્ષણ"**માં આપની જાણ સારૂ સતત નિર્ભયપણે મૂકતા રહ્યા છીએ.

આપને ફરી વિનંતી કરૂં છું કે, "આપણે સાચા હોઈએ, તો કોનો ડર ?" આપણા વ્યવસાય સાથે સંકળાયેલ ભ્રષ્ટાચારીઓને ક્યારેય પ્રોત્સાહન આપશો નહીં.

મિત્રો, હું અને મારા સાથી મિત્રો હોદ્દા ઉપર હોઈએ કે ન હોઈએ પણ **હમેંશા આપના સુખ-દુઃખમાં સહભાગી બનતા રહીશું.** મારા "પ્રમુખ" સ્થાનકાળના બે વર્ષ દરમ્યાન આપણો અને અન્ય જિલ્લાના શિક્ષકમિત્રોનો સહકાર તેમજ આપણા જિલ્લાના શિક્ષક ભાઈ-બહેનોના તેમજ કેટલાક મિત્રોના પરિવારના **આશિર્વાદથી હું ધન્ય થયો છું.** તે બદલ આપ સર્વેનો **મારા અને મારા સાથી મિત્રો દ્વારા હૃદયપૂર્વક આભાર માનું છું.**

મારા "પ્રમુખ" સ્થાન માટેની ચૂંટણી સંદર્ભે જુલાઈ-૨૦૧૦ના રોજ મારા દ્વારા "નમ્ર અપીલ" કરતો પત્ર આપને પાઠવેલ, **જેમાં દર્શાવેલ મારા તમામ વચનો આપના સહકારથી પૂર્ણ કરી શક્યો છું.** જે બદલ આપ તમામનો આભાર માનું છું.

**અમોએ ક્યારેય વ્યકિતગત કામોને લઈને કચેરી પાસે ગયા નથી. હંમેશા શિક્ષકોના સામુહીક હિતને ધ્યાનમાં રાખીને કાર્ય કરેલ છે. જેથી અમારે ક્યારેય લાચાર બનવું પડેલ નથી કે શેહશરમમાં આવવું પડેલ નથી.**

કેટલાક અસંતુષ્ટમિત્રોએ અમારા વિરૂધ્ધ જ્ઞાતિવાદ-ધર્મવાદને પોષતો અપપ્રચાર કરવા પ્રેરાયેલ તે કુપ્રચારને મારા પ્રમુખકાળ દરમ્યાન સફળ થવા દીધેલ નથી અને **દરેક જ્ઞાતિ-ધર્મના મિત્રોને મારા પોતાના જ સમજી કાર્ય કરેલ છે.**

**"સંઘનું સર્જન આપણા વડીલો(વ્યવસાયિક) ના ભોગે થયું છે અને તેનું જતન કરવું એ આપણી નૈતિક ફરજ છે."**

- જય ગુજરાત.... - જય ભારત......

**-- ઈલીયાસ સિંધી**

**પ્રમુખ, બ.કા.જિ.મા.શિ.સંઘ**

**( પાન-૧ નું ચાલુ .. તંત્રી સ્થાને થી )**

(છતાં પણ કેટલાક મિત્રો છાના છાના નૈવેદ્ય ધરી આવે છે,-તેનું દુઃખ છે. આવા જો કોઈ મિત્રો હોય કે તેમના કોઈ દલાલો હોય, તો ભગવાન્ તેમને સદ્બુદ્ધિ આપે, **બાકી પાઘડીનો વળ છેડે તો છે જ.**)

ફાજલ થવાની બાબતમાં બનાસકાંઠાને લાગેવળગે છે ત્યાં સુધી એકાદ-બે અપવાદ સિવાય ફાજલ કરવાની બાબતમાં સંપૂર્ણ પારદર્શિતા જોવા મળી છે. આ માટે હું બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ વતી **મા. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી બી.કે.પટેલ સાહેબ, કચેરીના ઓ.એસ. શ્રી સંગાડાભાઈ, આ સમગ્ર કામગીરી સંભાળતા ટેબલ કારકૂન ભાઈશ્રી નિસરતા તથા વર્ગ ઘટાડાની અને તેના થકી સાચા શિક્ષકને ફાજલ કરવાની અને યોગ્ય રીતે ન્યાયિક અને માનવીય અભિગમ અપનાવી કુંટુંબ ડિસ્ટર્બ ન થાય તેવી કામગીરીમાં સહૃદય જોડાઈ, બાજનઝર રાખી ડી.ઈ.ઓ.શ્રીને મદદરૂપ થનાર ઈ.આઈ.શ્રી ડાભી સાહેબ તથા તમામ આ કામગીરીમાં જોડાયેલ એ.ડી.આઈ.મિત્રો જેવાકે શ્રી લાભેશભાઈ, શ્રી ડી.વી.પટેલ, શ્રી વસંતભાઈ જાદવ, શ્રીમતી રક્ષાબેન, શ્રી નિનામાભાઈ તેમજ શ્રી ડી.આર.ચૌધરીનો હૃદયપૂર્વક આભાર માનું છું.**

શાળાકક્ષાએથી જે મિત્રોને ભૂલથી કે જાણીજોઈને ખોટી રીતે ફાજલ કર્યા હતા તેમાંના ઘણા ફાજલમિત્રોને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીએ પારદર્શિતા દાખવી, ખરેખર જે ફાજલ થવાપાત્ર હતા, તેમને જ ફાજલ કર્યા છે અને ફાજલોને સમાવવાની બાબતમાં પણ બનાસકાંઠાની અનુદાનિત મા.અને ઉ.મા.શાળામાં ખાલી જગ્યાઓનું અગાઉથી લીસ્ટ જાહેર કરી, શિક્ષક તરીકે સેવાકાળના અનુભવના આધારે પસંદગીની તક પણ (અન્ય જિલ્લામાં આવી તક મળેલ નથી) આપવામાં આવી હતી. તદ્ઉપરાંત ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં સમાવવાની બાબતમાં મુખ્ય વિષય, ગૌણ વિષય, લાયકાતના વિષય તથા વિષયની છૂટછાટ સાથે પણ પસંદગી આપી, ફાજલ શિક્ષકોને સમાવી લઈ પ્રશ્ન હલ કરવામાં આવેલ છે. ફાજલ કરવાની બાબતમાં અને અનુદાનિત માધ્ય.અને ઉ.માધ્ય શાળાઓમાં સમાવવાની બાબતમાં સંપૂર્ણ કહી શકાય તેવી પારદર્શિતા જોવા મળી છે, પરંતુ **સોળેકળાએ ખીલેલા પુનમના ચાંદમાં કાળા ડાઘ સમી** કહી શકાય તેવી બાબત એ છે કે, આર.એમ.એસ.એ. અને પ્રાથમિક શાળાઓમાં સમાવવાની બાબતમાં પારદર્શિતા જળવાઈ ન હોય- તેવું કેટલાક ફાજલમિત્રોએ અમારા સુધી વ્યક્ત કરેલ વ્યથાઓ ઉપરથી લાગી રહ્યું છે. આ શાળામાં મિત્રોને પસંદગીનો હક કેટલાક જિલ્લાઓમાં આપવામાં આવ્યો છે, તે આપણે ત્યાં મળેલ નથી અને આના કારણે સિનિયર શિક્ષકોને પોતાની પૂર્વ શાળાથી ઘણા દૂર હડસેલાવું પડ્યું છે. સંઘ આ બાબતે પ્રયત્નશીલ છે. જિલ્લા શિક્ષણાધિકારી સાહેબ પણ આ બાબતે નિરાકરણ લાવશે તેવો આશાવાદ છે. આપણે **શ્રી બી.કે.પટેલ સાહેબ પાસે આશા રાખીએ છીએ કે, પૂનમના ચાંદ પર લાગેલો ડાઘ ચોક્કસ દુર કરશે.**

અમારા બે વર્ષના સેવાકાળ દરમ્યાન સંઘને સાચા હૃદયથી સમર્પિત એવા તેમજ, અમને દિલથી સહકાર આપનાર વડીલ મુરબ્બીઓ શ્રી રમણિકભાઈ રાવલ સાહેબ (નિવૃત્ત શિક્ષક, શ્રી વિવિધલક્ષી વિદ્યામંદિર, પાલનપુર) તથા શ્રી દિનેશભાઈ પટેલ (નિવૃત્ત શિક્ષક, ગોળા હાઈસ્કૂલ,ગોળા), જિલ્લાના વરિષ્ઠ પત્રકારમિત્ર શ્રી અશોકભાઈ સોની (જેઓના માર્ગ દર્શન હેઠળ પત્રકારત્વ શીખવા મળ્યું અને આપણા મુખપત્રને એક નવો ઓપ આપી શક્યા છીએ), શ્રી અમરસિંહ ચૌહાણ (બોર્ડ સદસ્યશ્રી, ગુજ.માધ્ય.અને ઉ.માધ્ય.શિક્ષણ બોર્ડ,ગાંધીનગર), પૂ. પ્રમુખ શ્રી નાગજીભાઈ રાજપૂત (ડોડગામ-થરાદ), શ્રી ગિરીશભાઈ રાવલ (મંત્રી, ગુજરાત રાજ્ય માધ્ય.શિક્ષક સંઘ મહામંડળ),બનાસકાંઠા જિલ્લા આચાર્ય સંઘ, બનાસકાંઠા જિલ્લા ઉ.મા.શિક્ષક સંઘ, શ્રી બલોચ સાહેબ (સહમંત્રી,ગુજરાત રાજ્ય ઉ.મા.શિ.સંઘ મહામંડળ), બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘના તમામ સભ્યશ્રીઓ, ગુજરાત રાજ્ય માધ્ય.શિક્ષક સંઘ મહામંડળ તથા વિવિધ જિલ્લાના ઘટક સંઘોના હોદ્દેદારો અને તેમના સભ્યશ્રીઓ તથા નામી-અનામી તમામ મિત્રોનો હૃદયપૂર્વક આભાર માનું છે.

**-- હરેશભાઈ જી. ડાભી**

**તંત્રી અને મહામંત્રીઃ બ.કા.જિ.મા.શિ.સંઘ**

## - : હાર્દિક અભિનંદન :-



**શ્રી છોટુભાઈ એમ.મોઢ**
આચાર્યશ્રી, શ્રી કુંભાસણ હાઈસ્કૂલ, કુંભાસણ
તાઃ પાલનપુર જિઃ બનાસકાંઠા

આપશ્રી **ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર** માં **સભ્ય** તરીકે **(સરકારશ્રીના પ્રતિનિધિ)** નિયુક્ત પામ્યા છો, તે બદલ આપને અમારા સંઘ વતી હાર્દિક અભિનંદન. આપ ઉત્તરોત્તર પ્રગતિ પ્રાપ્ત કરો તેવી શુભકામનાઓ.

**બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ પરિવાર**

## ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ-સામાન્ય પ્રવાહ-શિક્ષકોનું પ્રમાણ અને સંખ્યા અંગેનો તાઃ ૦૮-૦૨-૧૯૮૦નો શિ.વિ.નો પરિપત્ર

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ
**ઠરાવ ક્રમાંકઃ સમશ- ૯૧૭૭ - ૫૦૨૩૧- ગ.૧,**
સચિવાલય, ગાંધીનગર
તાઃ ૦૮/૦૨/૧૯૮૦

**વંચાણે લીધાઃ-**

(૧) શિક્ષણ અને મજૂર વિભાગનો તાઃ ૨૮-૧૦-૭૫ અને તાઃ ૨-૬-૭૬નો ઠરાવ નંબરઃ ઈડીએસ-૯૧૭૫-૧૬૨૦૫-બી.

(૨) શિક્ષણ વિભાગનો તાઃ ૧૯-૫-૭૮ નો ઠરાવ તથા તાઃ ૧-૭-૭૮ નો સુધારા નંબરઃ ઈડીએસ-૯૧૭૭-૫૦૨૩૧-ગ.

(૩) શિક્ષણ વિભાગનો તાઃ૬-૮-૭૯ નો ઠરાવ નંબરઃ સમશ - ૯૧૭૯- ૫૨૨૨૬ - ગ.૧

(૪) સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, ૧૦ વત્તા ૨ ખાસ ઘટકનો તાઃ ૨૭-૭-૭૭ નો પરિપત્ર નં. એનઈપી-સે.સેલ.-૧૦ વત્તા ૨ ટેક.

(૫) ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી, ગુજરત રાજ્ય, અમદાવાદનો તાઃ ૨૫-૧-૭૯ નો પત્રાંકઃ ઉમબ-ઉમશ-અભક-૭૮-૭૯-ખ-૧૯૩૮૫.

**ઠરાવ :**

ઉપર્યુક્ત તાઃ ૨૮-૧૦-૭૫ના ઠરાવથી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના વર્ગો માટે વર્ગદીઠ બે શિક્ષકોનું પ્રમાણ ઠરાવેલું છે ઉચ્ચતર માધ્યમિકના સામાન્ય પ્રવાહના વિષય માળખાના સંદર્ભમાં તે પ્રમાણ સુધારવાના પ્રશ્ન અંગે સરકારે પુખ્ત વિચારણા બાદ ઠરાવ્યું છે કે નીચે જણાવ્યા પ્રમાણે શિક્ષકોની સંખ્યા રહેશે.

ધોરણ-૧૧ અથવા ૧૨ નો એક વર્ગ હોય તો કુલ ત્રણ શિક્ષકો (ઉદ્યોગ શિક્ષક સહિત)
ધોરણ-૧૧ અથવા ૧૨ નો બે વર્ગ હોય તો કુલ છ શિક્ષકો (ઉદ્યોગ શિક્ષક સહિત)
ધોરણ-૧૧ અથવા ૧૨ નો ત્રણ વર્ગ હોય તો કુલ આઠ શિક્ષકો (ઉદ્યોગ શિક્ષક સહિત)
ધોરણ-૧૧ અથવા ૧૨ નો ચાર વર્ગ હોય તો કુલ દસ શિક્ષકો (ઉદ્યોગ શિક્ષક સહિત)
ધોરણ-૧૧ અથવા ૧૨ નો પાંચ વર્ગ હોય તો કુલ તેર શિક્ષકો (ઉદ્યોગ શિક્ષક સહિત)
ધોરણ-૧૧ અથવા ૧૨ નો છ વર્ગ હોય તો કુલ પંદર શિક્ષકો (ઉદ્યોગ શિક્ષક સહિત)
ધોરણ-૧૧ અથવા ૧૨ નો સાત વર્ગ હોય તો કુલ સત્તર શિક્ષકો (ઉદ્યોગ શિક્ષક સહિત)
ધોરણ-૧૧ અથવા ૧૨ નો આઠ વર્ગ હોય તો કુલ વીસ શિક્ષકો (ઉદ્યોગ શિક્ષક સહિત)
ધોરણ-૧૧ અથવા ૧૨ નો નવ વર્ગ હોય તો કુલ બાવીસ શિક્ષકો (ઉદ્યોગ શિક્ષક સહિત)
ધોરણ-૧૧ અથવા ૧૨ નો દસ વર્ગ હોય તો કુલ પચ્ચીસ શિક્ષકો (ઉદ્યોગ શિક્ષક સહિત)
ધોરણ-૧૧ અથવા ૧૨ નો અગિયાર વર્ગ હોય તો કુલ છવ્વીસ શિક્ષકો (ઉદ્યોગ શિક્ષક સહિત)
ધોરણ-૧૧ અથવા ૧૨ નો બાર વર્ગ હોય તો કુલ સત્યાવીસ શિક્ષકો (ઉદ્યોગ શિક્ષક સહિત)
ધોરણ-૧૧ અથવા ૧૨ નો તેર વર્ગ હોય તો કુલ અઠ્ઠાવીસ શિક્ષકો (ઉદ્યોગ શિક્ષક સહિત)
ધોરણ-૧૧ અથવા ૧૨ નો ચૌદ વર્ગ હોય તો કુલ ઓગણત્રીસ શિક્ષકો (ઉદ્યોગ શિક્ષક સહિત)
ધોરણ-૧૧ અથવા ૧૨ નો પંદર વર્ગ હોય તો કુલ ત્રીસ શિક્ષકો (ઉદ્યોગ શિક્ષક સહિત) અને પંદર કરતાં વધારે વર્ગો હોય તો પંદરથી વધારાના પ્રત્યેક વર્ગ દીઠ બે શિક્ષકોનું પ્રમાણ રહેશે.

(૧) ઉપર્યુક્ત સંખ્યા મર્યાદા મુજબ વધારાના નવા શિક્ષકની નિમણૂક સને ૧૯૮૦-૮૧ ના શૈક્ષણિક વર્ષથી કરવાની રહેશે.

(૨) પ્રત્યેક શિક્ષકને અઠવાડીયાના વીસથી બાવીસ કલાકનું શિક્ષણ કાર્ય મળી રહેવું જોઈએ. ઓછા વર્ગો વાળી જે શાળામાં પ્રવર્તમાન ધોરણ મુજબ ગ્રંથપાલની જગા મળવાપાત્ર થતી ન હોય તો તેવી શાળામાં ઉદ્યોગ શિક્ષકને પુરેપુરો નિયત કાર્યબોજ ન મળી રહેતો હોય તો ત્યાં ઉદ્યોગ શિક્ષકને ગ્રંથપાલની કામગીરી સોંપી શકાશે.

(૩) ૧૯૭૬-૭૭ના વર્ષ કે ત્યારબાદ નિમાયેલા ઉદ્યોગ શિક્ષકનો સમાવેશ ઉપર્યુક્ત શિક્ષક સંખ્યામાં એ શરતે થયેલો ગણાવામાં આવશે કે તેમની ભરતી અને નિમણૂંક માન્ય શૈક્ષણિક લાયકાતો અને જે તે વખતના ધારાધોરણ મુજબ નિયમાનુસાર કરવામાં આવી હોય. ઉપર્યુક્ત તાઃ ૨૭-૭-૭૭ના પરિપત્ર પછીની નિમણૂંક તે પરિપત્રમાંની સૂચના મુજબ નિયમાનુસાર થઇ હશે તો તેનો સમાવેશ કરી શકાશે.

(૪) જે જે શાળામાં સામાન્ય પ્રવાહ ઉપરાંત વિજ્ઞાન પ્રવાહ અને /અથવા ગૃહવિજ્ઞાન પ્રવાહ અસ્તિત્વમાં હોય ત્યાં સૌ પ્રથમ વિજ્ઞાન / ગૃહ વિજ્ઞાન પ્રવાહના વર્ગો માટે નીમેલા શિક્ષકોનો કાર્યબોજ ધ્યાનમાં રાખીને શાળામાં ઉપલબ્ધ શિક્ષકો પૈકી જેઓ ઉપર્યુક્ત તાઃ ૨૮-૧૦-૭૫ના ઠરાવ અને તાઃ ૨૭-૭-૭૭ ના પરિપત્રમાં જણાવેલ શૈક્ષણિક તથા ધંધાકીય લાયકાતો તથા તાલીમનો અનુભવ ધરાવતા હોય તેમની વચ્ચે તાસની યોગ્ય ગોઠવણ કરવાની રહેશે. તેમ કર્યા બાદ વધારાના તાસ કે કાર્યબોજ માટે પૂરા સમયના શિક્ષકની જરૂરીયાત પ્રસ્થાપિત થતી હોય તો જ આ ઠરાવ નિયત કરેલ પ્રમાણ મુજબ નવી જગ્યાઓ ઉપસ્થિત કરી શકાશે.

(૫) વ્યવસાયલક્ષી ઉદ્યોગ શિક્ષક માટે વર્કશોપની જરૂરી ભૌતિક સગવડો પૂરતા પ્રમાણમાં ઉભી કરવામાં આવી હશે, તે સંસ્થાઓમાં જે તે ઉદ્યોગના પ્રાયોગિક અને સૈધ્ધાંતિક તાસ કુલ તાસમાં કે નિયત કાર્યબોજના કલાકોમાં ગણતરીમાં લેવામાં આવશે. પ્રાયોગિક કામ માટે પ્રત્યેક બેચ ઓછામાં ઓછા વીસ (૨૦) વિદ્યાર્થીઓની હોવી જોઈએ.

(૬) વર્ગદીઠ નિયત કરેલી વધુમાં વધુ વિદ્યાર્થી સંખ્યાના વિદ્યાર્થી દાખલ કર્યા પછી બીજો વર્ગ જરૂરી સંખ્યામાં વિદ્યાર્થી મળી રહેતા હોય તો જ શરૂ કરી શકાશે.

(૭) સામાન્ય પ્રવાહના વિષય માળખામાં વિષય જૂથ નં. (૩) માંથી ઓછામાં ઓછા બે વિષયો અને વિષય જુથ નં.(૫) માંથી ઓછામાં ઓછા ચાર વિષયોના શિક્ષણની જોગવાઈ અવશ્ય કરવાની રહેશે.

(૮) શહેરી અને ગ્રામ્ય વિસ્તાર માટેની શાળામાં ધોરણ- ૧૧ કે ૧૨ના પ્રત્યેક વર્ગ માટે ઓછામાં ઓછી સરાસરી હાજરી અનુક્રમે ૪૦ અને ૩૦ની હોવી જોઈએ.

૨/- છેલ્લી વસ્તી ગણતરી પ્રમાણે પચાસ હજાર (૫૦,૦૦૦) ની વસ્તી વાળા ગામ સંસ્થાને સરાસરી હાજરીમાં પડતી તૂટ કે આંટ ગ્રાન્ટના હેતુ માટે માફ કરવાનો પ્રશ્ન ફક્ત ૫,૦૦૦(પાંચ હજાર) સુધીની વસ્તી વાળા સ્થળ / ગામની શાળા પૂરતો જ ૧૦ વત્તા ૨ ખાસ ઘટક દ્વારા વિચારણામાં લેવાશે, જ્યારે આદિવાસી વિસ્તારની શાળાઓ બાબતમાં સરાસરી હાજરીની આંટ દુર કરવાનો પ્રશ્ન વસ્તીના ધોરણ વગર (પણ તેવી શાળાના સ્થળની આજુબાજુમાં ઓછામાં ઓછા ૧૫ કિ.મી.ના અંતરે એવી બીજી શાળા ન હોય તો) ૧૦ વત્તા ૨ ખાસ ઘટક દ્વારા વિચારણામાં લેવાશે. આદિવાસી અથવા ગ્રામ્ય વિસ્તારની શાળાના સામાન્ય પ્રવાહના ધોરણ ૧૧ - ૧૨ ની સરાસરી હાજરી પુરી કરવા માટેની જરૂરી વિદ્યાર્થી સંખ્યામાં જ તૂટ પડતી હોય તો વધુમાં વધુ પાંચ વિદ્યાર્થીઓની સંખ્યા સુધીની તૂટ કે તફાવતના કિસ્સા અંગે ૧૦ વત્તા ૨ ખાસ ઘટકે પ્રત્યેક કેસના ગુણદોષ તપાસીને યોગ્ય નિર્ણય આપવાનો રહેશે.

૩/- સામાન્ય પ્રવાહના વિષયના માળખામાં વ્યવસાયલક્ષી ઉદ્યોગ વિષય વિકલ્પ તરીકેનો વિષય ક્ષેત્રીય અનુભવ અને સમાજસેવા પ્રવૃતિ આગામી શૈક્ષણિક વર્ષથી રદ થયેલો ગણવામાં આવે છે. તદ્દનુસાર ઉપર્યુક્ત તાઃ ૧૯-૫-૭૮ ના ઠરાવમાં તે મતલબનો સુધારો થયેલો ગણાશે.

૪/- આ અંગેનો ખર્ચ બિનસરકારી માધ્યમિક શાળાઓ સંબંધમાં અંદાજપત્રકના સદર ૨૭૭-શિક્ષણ-ઘ-માધ્યમિક શિક્ષણ (ગ) બિનસરકારી માધ્યમિક શાળાઓને સહાય હેઠળ અને સરકારી માધ્યમિક શાળાઓ સંબંધમાં ૨૭૭-શિક્ષણ-ખ-માધ્યમિક શિક્ષણ (ખ) સરકારી માધ્યમિક શાળાઓ હેઠળ ઉધારવો અને તેની હેઠળ થનાર જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

૫/- આ વિભાગની સરખા નંબરની ફાઈલ ઉપર નાણાં સલાહકારશ્રી અને નાણાં વિભાગે અનુક્રમે તાઃ ૩૦-૧૧-૭૯ અને તાઃ ૧૩-૧૨-૭૯ ના રોજ આપેલ સંમતિ બાદ આ હુકમો બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**સહિ/- અવાચ્ય**
**(વી.આર.રાણા)**
**સેક્શન અધિકારી, શિક્ષણ વિભાગ**

---

**(પાન-૮ ઉપરનું ચાલુ કોમ્પ્યુટર સી.સી.સી. પરીક્ષા અંગે.. )**

નિયંત્રણ હેઠળના સર્વે ખાતાઓના વડાઓ/કચેરીના વડાઓના ધ્યાન પર લાવવા અને તેનું ચુસ્ત પાલન થાય તે જોવા જણાવવા આથી સૂચના આપવામાં આવે છે. (સંબંધિત ખાતાના વડાઓ અને કચેરીના વડાઓએ આ સૂચનાઓ તેમના વહીવટી નિયંત્રણ હેઠળના અધિકારીઓ / કર્મચારીઓના ધ્યાને લાવવાની રહેશે.)

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**સહિ/- અવાચ્ય**
**(જે.એમ.જોશી)**
**ઉપ સચિવ, સામાન્ય વહીવટ વિભાગ**
**ગુજરાત સરકાર, ગાંધીનગર**

## નવી વર્ધિત પેન્શન યોજના ધરાવનાર જોગ...

**<u>તાત્કાલિક / સમયમર્યાદા</u>**

ક્રમાંકઃ હિ ૫/નવી વર્ધિત પેન્શન યોજના/ ફોર્મ એસ.૧-૫/વશી/૨૦૧૨/
૨૦૭૮૯-૨૦૯૮૯
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બનાસકાંઠા જિલ્લો,પાલનપુર.
તાઃ ૨૮/૦૬/૨૦૧૨

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક/ ઉચ્ચ.માધ્ય.શાળાઓ,
જિલ્લો બનાસકાંઠા

**વિષયઃ-** **નવિ વર્ધિત પેન્શન યોજનાના ફોર્મ-એસ.૧ અને એસ.૫ ભરવા બાબત..**

સંદર્ભઃ- સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, માધ્યમિક, ગુ.રા., ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ પેન-૧/ઘ/માધ્યમિક/૧૪૭૧૮-૪૦ તાઃ ૧૯-૬-૨૦૧૨.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, તમારી શાળાના નવી વર્ધિત પેન્શન યોજનાના કાયમી ખાતા નંબર ફાળવેલ શિક્ષકો અને કર્મચારીઓના નવી વર્ધિત પેન્શન ફોર્મ- એસ.૧, એસ. ૫ અને પેન્શન યોજનાનું ફોર્મ-૧ ભરવા માટે જરૂરી સુચનાઓ અને સમજૂતી પણ મોકલવામાં આવેલ છે. નવી વર્ધિત પેન્શન યોજનાનું ફોર્મ-એસ.૧ અને એસ. ૫ અદ્યતન ફાઈલમાં તૈયાર કરી આ કચેરીને તાત્કાલિક ત્રણ નકલ અસલમાં દિન-૧૦માં મોકલી આપવા જણાવવામાં આવે છે. સમય મર્યાદામાં ફોર્મ- એસ.૧ અને ફોર્મ-૫ ભરી મોકલવામાં આવશે નહિં તો પગાર બિલ પાસ થશે નહિં , તેની જવાબદારી શાળાના વડાની રહેશે.

**બિડાણઃ ઉપર મુજબ**

**(અવાચ્ય)**
**જિલ્લા શિક્ષણાધિકારી,**
**બનાસકાઠાં, પાલનપુર**

- શાખા અધ્યક્ષશ્રી, હીસાબી-૪, સદર કચેરી

**નકલ સવિનય રવાનાઃ**
સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી (માધ્યમિક)
કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી,
બ્લોક નં.૯/૧,ડો. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.

## ખુબ..ખુબ.. આભાર શ્રી જીતુભાઈ આપને....



**શ્રી જીતેન્દ્ર પટેલ**
**મ.શિક્ષક,**
**શ્રીમતી એમ.કે.પટેલ હાઈસ્કૂલ,**
**ગોઝારીયા જિઃ મહેસાણા, ગુજરાત**

આદરણીય શ્રી જીતુભાઈ પટેલ આપે, આપના ઈન્ટરનેટ પરના બ્લોગ jitugozaria.blogspot.in માં **"શિક્ષણ અંર્તગત માહિતી"** ના ટાઈટલ નીચે પ્રાથમિક અને માધ્યમિક વિભાગના શિક્ષકોને સ્પર્શતા જ્ઞાન-વિજ્ઞાન અને વ્યવસાયિક લેટેસ્ટ પરિપત્રો - મુંઝવતા પ્રશ્નોની અદ્યતન માહિતી આપતા રહ્યા છો, સાથે સાથે આપના બ્લોગમાં **"બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ"**ના મુખપત્ર **"બનાસગંગા શિક્ષણ"**ને સ્થાન આપી રાજ્યના હજારો શિક્ષકો સુધી પહોંચતું કરી માધ્યમિક શિક્ષણની સમસ્યાઓને વાચા આપી સમગ્ર રાજ્યના ખૂણે ખૂણે શિક્ષણ જગતના પ્રશ્ને **"બનાસકાંઠા જિલ્લાની" એક આગવી ઓળખ ઉભી કરી આપી** તેમજ **રાજ્યના શિક્ષકમિત્રોને આપના બ્લોગ થકી ઈન્ટરનેટનો ઉપયોગ કરતા અને પોતાના હક્કો બાબતે અવાજ ઉઠાવતા કર્યા છે**, તે બદલ **બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ આપનો હાર્દિક આભાર માને છે.**

**ઈલિયાસ એમ. સિંધી** — પ્રમુખ
**હરેશભાઈ જી. ડાભી** — મહામંત્રી

**બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ**

**-: શિક્ષક મિત્રો જોગ ખાસ અપીલઃ-**

આપણા વ્યવસાયને લગતા લેટેસ્ટ પરીપત્રો તથા જ્ઞાન-વિજ્ઞાનની માહિતી માટે અને ખાસ **"બનાસગંગા શિક્ષણ"** ના તમામ અંકો વાંચવા માટે હંમેશા jitugozaria.blogspot.in માં **"શિક્ષણ અંર્તગત માહિતી"** ને જોતા રહો અને વાંચતા રહેશો.


## શું આપને કાનમાં સાંભળવાની તકલીફ છે ?

★ **તો આ રહી સુવિધા**
- **ડીઝીટલ મશીન દ્વારા કાનની બહેરાશની તપાસ**
- **કાનની બહેરાશને અનુલક્ષીને સાંભળવાના મશીન મળશે. જેવાકે**



**પોકેટ મશીન**



**કાનની અંદર**



**કાનની પાછળ**

- **વિદેશની પ્રખ્યાત કંપનીના હીયરીંગ એઈડ (સાંભળવાના મશીન) ઉપલબ્ધ છે.**
- **રીપેરીંગ, બેટરી, દોરી, (વાયર) તથા દરેક પ્રકારની એસેસરીઝ મળશે.**
- **પેન્શનરો માટે ખાસ સ્કીમ**

**સંપર્ક કરો**

**મનસ્વી હીયરીંગ કેર એન્ડ મેડીકો સર્વિસીસ**

**૧૯, ગુરૂસદન કોમ્પલેક્ષ, ડો. આનંદ ચૌધરીની હોસ્પિટલની પાસે, સુરેશ મહેતા ચોક,**
**ગોબરી રોડ, પાલનપુર બનાસકાંઠા**
**Mo. 9925437927, 9925045141**

## બનાસકાંઠા જિલ્લાની બિન સરકારી ગ્રાન્ટેડ માધ્ય. અને ઉ. માધ્ય. શાળાઓને તેમના કર્મચારીઓના પગાર બીલ અંગે ડી.ઈ.ઓ. કચેરી-બનાસકાંઠાની સૂચના

સીધા પગાર યોજના શાખામાં માહે: ઓગષ્ટ- ૨૦૧૨થી પગાર ડેટા નીચે જણાવેલ તારીખે રૂબરૂમાં સંબંધિત કલાર્કને ચકાસણી કરાવી રજૂ કરવા તેમજ પગાર ડેટા / મેન્યુઅલ બીલ (ગ્રીનબીલ) બારોબાર રજિસ્ટ્રી શાખામાં ટપાલમાં આપીને ન જવા જણાવવામાં આવે છે.

પગાર ડેટા રજુ કરવાની તારીખ નીચે પ્રમાણે રહેશે. પગાર ડેટાની છેલ્લી તારીખ: ૭ (સાત) રહેશે. ત્યારબાદ રજૂ કરેલ પગાર ડેટા સ્વીકારવામાં આવશે નહિ.

| ક્રમ | શાળા ડી.પી. ક્રમાંક | તારીખ |
|---|---|---|
| ૧ | ૧ થી ૫૦ | મહીનાની ૪ તારીખ |
| ૨ | ૫૦ થી ૧૦૦ | મહીનાની ૫ તારીખ |
| ૩ | ૧૦૧ થી ૧૫૦ | મહીનાની ૬ તારીખ |
| ૪ | ૧૫૧ થી ૨૦૯ | મહીનાની ૭ તારીખ |

સૂચનાઃ- પગાર ડેટા જાણકાર કલાર્ક જ આપવા આવે તે હિતાવહ છે. જેથી પગાર ચકાસણી કરતા કોઈ ક્ષતિ રહેવા ન પામે. પગાર ડેટા શિક્ષક અથવા પટાવાળા સાથે ન મોકલવા ખાસ જાણ કરવામાં આવે છે.

**જિ.શિ.અ.શ્રીના હુકમથી**

પગાર બીલ કે કોઈપણ પ્રકારનું મેન્યુઅલબીલમાં ક્ષતિ રહેવાના કારણે ખોરંભે ન ચડે તે માટે પગાર ટેબલના કન્સલ્ટ કારકૂનમિત્રોને **તંદુરસ્ત સહયોગ આપવા** બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ અપિલ કરે છે.

પ્રમુખ, બ.કા.જિ.મા.શિ.સંઘ

## શ્રધ્ધાંજલિ



ઉત્તરબુનિયાદી વિદ્યાલય, ડુચકવાડાના મ.શિક્ષકશ્રી ધીરજીભાઈ સરતાનભાઈ દેસાઈના માતુશ્રી જેબરબેન સરતાનભાઈ દેસાઈનું તાઃ ૧૨-૦૪-૨૦૧૨ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.



સરદાર કૃષિનગર વિદ્યાલય, દાંતીવાડાના હાલમાં સરકારી માધ્યમિક શાળા, આકોલીમાં નોકરી કરતાં મ.શિક્ષકશ્રી જયંતિભાઈ ધરમાભાઈ પરમારના પિતાશ્રી ધરમાભાઈ ગોદડભાઈ પરમારનું તાઃ ૦૪-૦૭-૨૦૧૨ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.

સરભવાનસિંહ વિદ્યાલય, દાંતાના ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના મ.શિક્ષક સ્વ. હાજીભાઈ રૂડાભાઈ તૂરીનું તાઃ ૨૫-૫-૨૦૧૨ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.

**ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળને સબળ નેતૃત્વ પુરુ પાડનાર ભૂતપૂર્વ પ્રમુખ સ્વ.શ્રી ગજેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ** નું દુ:ખદ અવસાન થયેલ છે.

આ દિવંગત આત્માઓને શાંતિ મળે તે માટે બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ પ્રભુને પ્રાર્થના કરે છે.

**તમામ હોદ્દેદારશ્રીઓ અને સભ્યશ્રીઓ**

**બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ પરિવાર**

**( પાન-૫ કોલમ-૨ નું ચાલુ)**

કાર્યવાહી કરી પ્રવેશ આપવાનો રહેશે.

ઉપરોક્ત પરિપત્રની જાણ આપના તાબા હેઠળની નોંધાયેલ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને કરવા જણાવવામાં આવે છે.

સહિ (અવાચ્ય)

**(ડો. કે.આર.ઝાઝરૂકીયા)**

**સચિવ, ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર**

## શ્રી બનાસકાંઠા જિલ્લા ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક સંઘના શિક્ષક સભ્યો માટે અગત્યની સૂચના...

**ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકોને અગત્યની સૂચના**

**બનાસકાંઠા જિલ્લા ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખશ્રી પ્રેમશંકર એન. વ્યાસ બનાસગંગા શિક્ષણ મુખપત્ર દ્વારા જિલ્લાના તમામ ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક ભાઈ બહેનોને અગત્યની સૂચના આપે છે કે, ઓગસ્ટ તાઃ ૨૫-૦૮-૨૦૧૨ને શનિવારે એક દિવસીય શૈક્ષણિક અધિવેશન અંબાજીમાં ચૌધરી વિશ્રાંતી ગૃહ, કોટેશ્વર રોડ યોજવું તેમ હોદ્દેદારોની મિટીંગમાં નક્કી થયા મુજબ સોવેનિયર બહાર પાડવાનું હોઈ તમામ ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકોએ શાળાના લેટરપેડ ઉપર શિક્ષકોની યાદી બનાવી, શાળામાં દાખલ તારીખ અને મોબાઈલ નંબર સહિત શુભેચ્છા સંદેશ તથા જા.ખ.ના બે હજાર રૂપિયા તારીખઃ ૩૦-૦૭-૨૦૧૨ સુધીમાં આચાર્યશ્રી દ્વારા ખરાઈ કરી શાળા પ્રતિનિધિએ નીચેના સરનામે મોકલી આપવા.**

**પ્રમુખશ્રી**
**પ્રેમશંકર એન. વ્યાસ**
**૧૪, શ્રી શક્તિનગર, સુખબાગ રોડ, પાલનપુર**
**જિઃ બ.કા. મોઃ ૯૮૯૮૨૬૮૦૧૯**

## ધોરણ-૧૦ અને ૧૨ના શાળા બદલીના કિસ્સામાં પૂર્વ મંજુરી અંગે ગુ.મા.શિ.બોર્ડનો તાઃ૧૫-૭-૧૦નો પરિપત્ર

ક્રમાંકઃ મ.મશબ ગ.ટે.૭/૭૦૦૦/૨૬
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, સચિવાલય પાસે,
ગાંધીનગર
તાઃ ૧૫/૭/૧૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
તમામ.....

વિષયઃ- વિદ્યાર્થીના ધો.૧૦ અને ધો.૧૨ના શાળા બદલીના કિસ્સામાં પૂર્વ મંજુરી અંગે.

સંદર્ભઃ- (૧) બોર્ડની તા.૨૯/૧૨/૨૦૦૩નીકારોબારી સમિતિના ઠરાવ ક્રમાંકઃ૭૧/ ૨૦૦૩
(૨) બોર્ડનો તા. ૧૫/૩/૨૦૦૪નો પરિપત્ર ક્રમાંકઃ ૦૧/૨૦૦૪ ક્રમાંકઃ મઉમશબ/ગ/ટે.૬/૨૫૪૧/૬૩૧.
(૩) બોર્ડનો તા.૧૪/૫/૨૦૦૪નો પરિપત્ર ક્રમાંકઃ૦૧/૨૦૦૪ની સ્પષ્ટતાઃ મઉમશબ/ગ/ટે.૬/૬૧૮૦/૬૨૦૫.

બોર્ડ દ્વારા લેવામાં આવતી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની જાહેર પરીક્ષામાં ગરેરીતી અને અનિયમિતતા આચરવાના આશયથી તેમજ અમુક ચોક્કસ પરીક્ષા કેન્દ્રોમાં વિદ્યાર્થી સંખ્યા જળવાઈ રહે તેવા આશયથી રાજ્યની અમુક શાળાઓ ધો.૧૦ અને ધો.૧૨માં બહારના વિદ્યાર્થીઓને પ્રવેશ આપતા હોવાનું બોર્ડના ધ્યાને આવતાં ઉપરોક્ત સંદર્ભ દર્શિત પરિપત્રોથી ધો.૧૦ અને ધો.૧૨માં શાળા બદલવા માંગતા વિદ્યાર્થીઓ માટે બોર્ડ અથવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજુરી મેળવવાનું ફરજીયાત કરવામાં આવેલ હતું.

વિદ્યાર્થીના વાલીનું રહેઠાણનું સરનામું બદલવાથી, વિદ્યાર્થીને સારી શાળામાં અથવા છાત્રાલયમાં મુકવાના આશયથી અથવા પોતાના વતનમાં લઈ જવાના આશયથી, વિદ્યાર્થી બિમાર રહેતો હોવાના કારણે અથાવ વાલીની બદલી / નિવૃત્તિના કારણોસર તેમજ અન્ય કારણોસર, કોઈપણ વિદ્યાર્થી ધોરણ. ૧૦ અથાવ ધોરણ. ૧૨માં શાળા બદલવા ઈચ્છતો હોય તો તેણે ફરજીયાત પણે બોર્ડની અથવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની પૂર્વમંજુરી મેળવવાની જોગવાઈ હોવાનાં કારણે ઘણા વિદ્યાર્થીઓ/ વાલીઓ પરેશાન થતા હોવાની રજુઆતો બોર્ડને મળેલ. વિદ્યાર્થીઓ/વાલીઓની પરેશાનીઓ દૂર કરવાના આશયથી વિદ્યાર્થીઓનાશાળા બદલવાના કેસોમાં બોર્ડની અથવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજુરી મેળવવાની જોગવાઈ નીચેની શરતોને આધીન રદ કરવામાં આવે છે.

૧. શાળા ફ્રેફાર કરી વિદ્યાર્થીને જે શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હોય તે શાળાના આચાર્યશ્રીએ નિયમ મુજબ પ્રથમ સત્રની શરૂઆતમાં જ વિદ્યાર્થીના શાળા બદલવાના વ્યાજબી કારણોની ચકાસણી/ખરાઈ કરી લેવાની રહેશે.

૨. પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીએ અગાઉ કોઈ શાળામાં ધો.૧૦ અથાવ ધો.૧૨માં અભ્યાસ કરી બોર્ડની જાહેર પરીક્ષાનું આવેદનપત્ર ભરેલ નથી અથવા વિદ્યાર્થી ધો.૧૦ કે ધો.૧૨નો રીપીટર વિદ્યાર્થી નથી તેની ખાતરી કરી લેવાની રહેશે.

૩. ધો.૧૦માં પ્રવેશ આપતી વખતે વિદ્યાર્થીએ તેના તરત પહેલાના શૈક્ષણિક વર્ષમાં ધોરણ. ૯ માં નિયમિત અભ્યાસ કરી, ધો.૯ની વાર્ષિક પરીક્ષા પાસ કરી હોવી જોઈએ તેમજ ધોરણ. ૧૨ ના વિદ્યાર્થી માટે તરત પહેલાના શૈક્ષણિક વર્ષમાં ધો.૧૧ની પરીક્ષા નિયમિત વિદ્યાર્થી તરીકે પાસૃ કરેલી હોવી જોઈએ.

૪. વિનિયમ-૧૨(૧૨)ની જોગવાઈ મુજબ સામાન્ય શાળામાંથી વ્યવસાયલક્ષી શાળામાં અથવા આવી શાળાઓમાંથી સામાન્ય શાળામાં શાળા ફેરબદલી કરવા માંગતા વિદ્યાર્થીઓને સંબંધિત શાળાના વડા ધો.૮ સુધી દાખલ કરી શકશે. પરંતુ ધો.૯ પાસ કર્યા બાદ કોઈપણ સંજોગોમાં ફેરફાર કરી શકશે નહીં.

૫. બોર્ડની જાહેર પરીક્ષા માટેના સંયુક્ત આવેદનપત્રો ભરાઈ ગયા પછી કોઈપણ સંજોગોમાં શાળા ફેરબદલીની મંજુરી આપવી નહીં.

૬. રાજય બહારથી અથવા વિદેશથી આવતા વિદ્યાર્થીઓ માટે ગુજરાત માધ્યમિક વિનિયમો-૧૯૭૪ના વિનિયમ ક્રમાંકઃ- ૧૨(૯)(ક) તેમજ (૫) મુજબની

## બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના બિનશૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ નક્કી કરવા બાબતનો શિ. વિભાગનો તા:૨૬-૧૦-૨૦૦૯નો પરિપત્ર

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: બમશ-૧૧-૨૦૦૯-૩૬૦૦૭૧-ગ,સચિવાલય,
ગાંધીનગર તા: ૨૬/૧૦/૨૦૦૯

**વંચાણે લીધા:-**

(૧) શિક્ષણ વિભાગનો તા: ૨૨-૨-૯૯ નો ઠરાવ ક્રમાંક: બમશ-૧૩૯૪-૩૬૪ (૯૭)-ગ.

**ઠરાવ :**

રાજ્યની બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં બિન શૈક્ષણિક કારકુન સંવર્ગની જગ્યાઓ મંજુર કરવા અંગેના નોર્મ્સ ઉપર વંચાણે લીધેલ તા: ૨૨-૨-૯૯ ના ઠરાવથી નિયત કરવામાં આવેલ. ત્યારબાદ રાજ્ય સરકાર દ્વારા રાજ્ય વહીવટ અને શાળાઓને પણ કોમ્પ્યુટર સહિતની સુવિધાઓ પુરી પાડેલ છે. તેના અનુસંધાને રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં સરકારી કચેરીઓમાં કારકૂનની જગ્યાઓ રદ કરવા માટે નિર્ણય લેવાયેલ છે. ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓને પણ રાજ્ય સરકાર દ્વારા પગાર અને નિભાવ ગ્રાન્ટ ઉપરાંત અન્ય સુવિધાઓ ઉપલબ્ધ કરવા માટે મોટા પ્રમાણમાં ગ્રાન્ટની તથા સાધનોની ફાળવણી કરવામાં આવે છે. તેથી ઉક્ત ઠરાવથી નોર્મ્સ મજુર કરવામાં આવ્યા બાદ શાળાઓના ઈન્ફ્રાસ્ટ્રકચર, વિજ્ઞાન અને પ્રાદ્યૌગિકીનો વિકાસ તથા કામગીરીમાં કોમ્પ્યુટરાઈઝેશન વગેરેને કારણે આવેલી સરળતાઓને અનુલક્ષીને ૧૯૯૯માં જે તે સમયની પરિસ્થિતિ પ્રમાણે નક્કી થયેલ નોર્મ્સમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે આથી નીચે મુજબના નોર્મ્સ નક્કી કરવામાં આવે છે.

| ક્રમ | વિદ્યાર્થી સંખ્યા | જગ્યા | કુલ |
|---|---|---|---|
| ૧ | ૧ થી ૫૦૦ વિદ્યાર્થી માટે | જુનીયર કલાર્ક-૧<br>પટાવાળા-૧ | બે |
| ૨ | ૫૦૧ થી ૨૦૦૦ વિદ્યાર્થી માટે | જુનીયર કલાર્ક-૨<br>પટાવાળા-૧ | ત્રણ |
| ૩ | ૨૦૦૧ થી વધારે વિદ્યાર્થી માટે | જુનીયર કલાર્ક-૨<br>સીનીયર કલાર્ક-૧<br>પટાવાળા-૨ | પાંચ |

આ હુકમોનો તાત્કાલિક અસરથી અમલ કરવાનો રહેશે. ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓમાં મંજુર થતું બિન શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ વિદ્યાર્થી આધારીત છે અને વિદ્યાર્થી સંખ્યા દર વર્ષે બદલાતી રહે છે તેથી અગાઉ જે શાળાઓએ બિનશૈક્ષણિક જગ્યાઓ માટેની જુના નોર્મ્સ મુજબ દરખાસ્ત કે માંગણી રજુ કરી હશે તેને બદલે ઉક્ત સુધારેલ નોર્મ્સ મુજબ જે તે શાળાની વિદ્યાર્થી સંખ્યાની પુન: ચકાસણી કરી ખરેખર મળવાપાત્ર જગ્યાઓની વિગતો મેળવ્યા બાદ સુધારેલ નોર્મ્સ મુજબ વિદ્યાર્થી સંખ્યા સામે જો બિન શૈક્ષણિક કર્મચારી મળવાપાત્ર હોય તો વધારાનું મહેકમ મંજુર કરવા એન.ઓ.સી. આપવાનું રહેશે પરંતુ **જે સંજોગોમાં અગાઉના નોર્મ્સ પ્રમાણે જગ્યાઓ મંજુર થયેલ છે તેમાં હાલ પુરતો કોઈ ઘટાડો કરવાનો કરવાનો રહેશે નહીં.** ઉક્ત નોર્મ્સ આ હુકમો બહાર પડ્યા તારીખથી અમલમાં ગણવાના રહેતા હોઈ જે તે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સહાયક સંવર્ગથી ફીક્સ પગારથી નાણાં વિભાગના પ્રવર્તમાન નિયમો અનુસાર જ્યારે સંસ્થાની એન.ઓ.સી. માટેની માંગણી મળે ત્યારે ઉક્ત નોર્મ્સ મુજબ પુન: ચકાસણી કર્યા બાદ જ મંજુરી આપવા ખાસ કાળજી રાખવાની રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા: ૨૬-૧૦-૨૦૦૯ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહિ (અવાચ્ય)
**(એચ. એમ. સારંગ)**
**ઉપ સચિવ, શિક્ષણ વિભાગ**
**ગાંધીનગર**

## બિન સરકારી (અનુદાનિત) માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના બિન શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ નકકી કરવા બાબતનો તા:૧-૮-૨૦૧૧નો પરિપત્ર

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ-૧૧૦૯-ઓડી-૦૮-ગ
સચિવાલય, ગાંધીનગર તા: ૧-૮-૨૦૧૧

વંચાણમાં લીધા:-

(૧) શિક્ષણ વિભાગનો તા. ૨૬-૧૦-૨૦૦૯ નો ઠરાવ ક્રમાંક:બમશ-૧૧-૨૦૦૯- ૩૬૦૦૭૧-ગ.

(૨) શિક્ષણ વિભાગનો તા. ૧૬-૦૭-૨૦૦૧ નો ઠરાવ ક્રમાંક:બમશ- ૧૩૨૦૦૦-૧૬૪૯- ગ.

(૩) શિક્ષણ વિભાગનો તા. ૦૨-૦૭-૧૯૯૯ નો ઠરાવ ક્રમાંક:બમશ-૧૧૯૯-૭૪૧(૨)- ગ.

આમુખ:-

બિનસરકારી (અનુદાનિત) માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં બિન શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ અને સંવર્ગના સેટ-અપના માપદંડ ઉપર વંચાણે લીધેલા તા.૨૬-૧૦-૨૦૦૯ના ઠરાવથી સુધારવામાં આવેલ છે નવા માપદંડના કારણે શાળાની વહીવટી કામગીરીને પડતી વિપરીત અસરો સંદર્ભે ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા વહિવટી કર્મચારી સંઘ મહામંડળ દ્વારા રજૂઆત કરવામાં આવેલ, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાને અંત બિન સરકારી ( અનુદાનિત) માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓના સંખ્યાબળ અને સંવર્ગના સેટ-અપ માટે શાળાના વિધાર્થીઓની સંખ્યા આધારિત નીચે મુજબના માપદંડ નકકી કરવામાં આવે છે.

| ક્રમ | વિદ્યાર્થીઓની સંખ્યા | મળવાપાત્ર જગ્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૧ થી ૩૦૦ | (૧) જુનિયર કલાર્ક - ૧ | ૧ |
| ૨ | ૩૦૧ થી ૬૦૦ | (૧) જુનિયર કલાર્ક - ૧<br>(૨) સિનીયર કલાર્ક - ૧ | ૨ |
| ૩ | ૬૦૧ થી ૧૦૦૦ | (૧) જુનિયર કલાર્ક - ૨<br>(૨) સિનીયર કલાર્ક - ૧ | ૩ |
| ૪ | ૧૦૦૧ થી ૧૪૦૦ | (૧) જુનિયર કલાર્ક - ૨<br>(૨) સિનિયર કલાર્ક - ૨ | ૪ |
| ૫ | ૧૪૦૧ થી ૨૦૦૦ | (૧) જુનિયર કલાર્ક - ૨<br>(૨) સિનીયર કલાર્ક - ૨<br>(૩) હેડ કલાર્ક - ૧ | ૫ |
| ૬ | ૨૦૦૧ થી ઉપર | (૧) જુનિયર કલાર્ક - ૨<br>(૨) સિનીયર કલાર્ક - ૨<br>(૩) હેડ કલાર્ક - ૧<br>(૪) ઓ. એસ. - ૧ | ૬ |

૧. નવા માપદંડ અને સેટ-અપ મુજબ મંજૂર થતી નવી જગ્યાઓ જે તે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના કુલ વિધાર્થીઓની સંખ્યા પર આધારિત છે અને વિધાર્થીઓની સંખ્યા દર વર્ષે બદલાતી રહે છે તેથી નવા માપદંડ મુજબ વિધાર્થીઓની સંખ્યા આધારિત બિન શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યા બળ જુન-૨૦૧૧થી શરૂ થતા શૈક્ષણિક સત્રમાં વિધાર્થીઓની સંખ્યા આખરી થયેથી કમિશ્નરશ્રી,શાળા કક્ષાએ નવા માપદંડ મુજબ દરેક શાળાએ બિનશૈક્ષણિક કર્મચારીઓનું સેટ-અપ મંજૂર કરાવી લેવાનું રહેશે.

૨. શાળાઓમાં બિનશૈક્ષણિક કર્મચારીઓનું સેટ-અપ કમિશ્નરશ્રી,શાળાની કચેરીએથી મંજૂર કરાવ્યા તારીખે, જો કોઈ શાળામાં મળવાપાત્ર મહેકમ કરતાં જુના સેટ-અપ મુજબ વધારાની જગ્યાઓ પર કર્મચારીઓ ફરજ બજાવતા હશે તો આવી જગ્યાઓ જે તે જગ્યા પર ફરજ બજાવતા કર્મચારીની નિવૃતિ, રાજીનામુ કે અન્ય કારણસર જગ્યા ખાલી પડે તે તારીખથી વધારાની જગ્યા રદ થયેલી ગણાશે.

૩. બિનશૈક્ષણિક કર્મચારીઓની નિમણૂંક:-

શિક્ષણ વિભાગના તા:૧૬-૭-૨૦૦૧ના ઠરાવ ક્રમાંક: બમશ-૧૩૨૦૦૦-૧૬૪૯-ગ અન્વયે, ગ્રાન્ટ ઈન એઈડ કોડ-૧૯૬૪ ના નિયમ-૫૫ (૨)(અ)માં સુધારાથી કરેલી જોગવાઈ તથા માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ની આનુસાંગિક જોગવાઈ મુજબ કરવાની રહેશે.સીધી ભરતીની નિમણૂંકના કિસ્સામાં શિક્ષણ વિભાગના તા:૨-૭-૧૯૯૯ ના ઠરાવ ક્રમાંક:બમશ-૧૧૯૯-૭૪૧(૨)-ગની જોગવાઈ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

૪. જો કોઈ શાળા/સંસ્થા આ ઠરાવની જોગવાઈઓનું પાલન કરશે નહિ અને અન્ય રીતે કર્મચારીઓની નિમણૂંક કરશે તો તેવી નિમણૂંકો કોઈ પણ સરકારી ગ્રાન્ટના હેતુ માટે અમાન્ય ગણાશે અને આવા કર્મચારીઓની તમામ જવાબદારી જે તે સંસ્થાની રહેશે.

૫. વર્ગ-૪ની જગ્યાઓ અંગેની કામગીરી આઉટ સોર્સીંગથી લેવાની સરકારશ્રીની નીતિ નકકી થયેલ છે.આથી આ અંગે એક સુત્રતા જળવાય તે હેતુસર

**( પાન-૬ કોલમ-૨ નું ચાલુ)**

આ બાબતે કમિશ્નરશ્રી,શાળાઓએ અલગથી દરખાસ્ત કરી સરકારશ્રીની મંજૂરી માટે રજૂ કરવાની રહેશે.

આ હુકમો, આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા. ૨૯-૦૬-૨૦૧૧ની નોંધથી મળેલી મંજૂરી અને તે પરત્વે તા: ૨૯-૦૭-૨૦૧૧ની નોંધથી સરકારશ્રીની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી-અવાચ્ય)
જે.એલ.પટેલ
નાયબ સચિવશિક્ષણ વિભાગ



અતિથિ કટાર લેખ

# " કલમ નથી કિરપાણ છે આ "

કટાર લેખકઃ- શ્રી રમણીકભાઈ રાવલ
લેખક પરીચયઃ-૯૪૨૯૫૫૩૩૦૩
ભૂ.પૂ. કલાશિક્ષક, વિદ્યામંદિર, પાલનપુર
ભૂ.પૂ. મહામંત્રી અને પાયોનિયર,
બનાસકાઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ
લેખક સ્પષ્ટ વકતા, કટાર લેખક, ચિંતક અને
ચિત્રકાર તરીકે આગવી ઓળખ ધરાવે છે યોગ
અને સમાજ સેવા તેઓનો અંગત રસ રહેલો છે.

જૂની ફાઈલો ફેંદતો હતો. એક કાગળ પર નજર પડી. કાગળ હતો ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ-મહામંડળના મહામંત્રી સ્વ. શ્રી ભોડાભાઈ પટેલનો. એક સંસ્થાના સેક્રેટરીને ઉદ્દેશીને લખાયેલો એ પત્ર હતો. પહેલું જ વાક્ય હતું 'આ ધમકી નથી, પુનઃ યાદ છે!' આગળ લખ્યું હતું- "......
**...રાજ્યના કાયમી, નિર્દોષ, તાલિમ પામેલા, લાયક, ખંતીલા, ઉદ્યમી શિક્ષકોના અસ્તિત્વનો આ સવાલ છે. તે સમયે મહામંડળ ચૂપ બેસી રહે તો મહામંડળ પાપી છે તેમ જનતા સાબિત કરશે"**
આજથી લગભગ બેતાલીસ વર્ષ પહેલાં લખાયેલો એ પત્ર છે. એ પત્રના સાથે બીજા ઘણા ચહેરા નજર સામે આવી ગયા. C.L. રીપોર્ટ આચાર્યે ન સ્વીકારતાં જનરલ બ્લેક બોર્ડ પર રજાનો રીપોર્ટ લખનાર, મહામંડળના ભૂ.પૂ. પ્રમુખ ભરૂચના સ્વ. રામભાઈ પટેલ, મહેસાણા જિલ્લાના બારમભાઈ ચૌધરી, સંઘના પ્રમુખ ભૂપેન્દ્ર પટેલ વ. ઘણા મિત્રોની યાદ તાજી થઈ.......

સંઘમાં-મહામંડળમાં ત્રણ પ્રકારનું નેતૃત્વ જોવા મળ્યું છે. (૧) સૌમ્ય-શાંત (૨) લડાયક અને (૩) 'ચોરને કહે ચોરી કર અને શાહુકારને કહે ચેતતો રહેજે' એટલે દહીંમાં અને દૂધમાં બંને બાજુ હાથ રાખનાર. આમાં આ ત્રીજા પ્રકારથી કર્મચારીઓએ ચેતતા રહેવું જોઈએ. એમને 'વર મરે કે કન્યા મરે' એની સાથે કોઈ સંબંધ નથી હોતો, એમનું તરભાણું ભરાય એમાં જ એમને રસ હોય છે.

સંઘને-મહામંડળને સબળ, તેજસ્વી, જોશીલું અને સિદ્ધિદાયક નેતૃત્વ પૂરું પાડનાર ઉપરોક્ત શિક્ષકોની હરોળમાં કોઈને મૂકી શકાયતો, છેલ્લાં બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના માધ્યમિક શિક્ષકોને નેતૃત્વ પૂરું પાડનાર આખા ગ્રુપને-ટીમને મૂકી શકાય. સહેજ પણ અતિશયોક્તિ કર્યા વિના કહી શકાય કે પ્રમુખ તરીકે ઈલિયાસ સિંધી અને મંત્રી હરેશ ડાભીએ આ જિલ્લાના માધ્યમિક શિક્ષકોને એક એવું નેતૃત્વ પૂરું પાડ્યું છે જેના માટે એમને અને એમની ટીમને ધન્યવાદ આપવા જોઈએ.

કેટલાક એવા લોકો હોય છે જે જોખમોને સામે ચાલીને સ્વીકારે છે, એમને આપણે 'સાહસવીરો' કહીએ છીએ. શિક્ષક જોખમ સ્વીકારે છે એના બુદ્ધિ-કૌશલ્ય અને નૈતિકતા દ્વારા, એની કલમ દ્વારા અને ઉક્ત મિત્રો ઈલિયાસ સિંધી અને હરેશ ડાભીની કલમે એવાં જૌહર કર્યાં કે એક કચેરીનો આખેઆખો સ્ટાફ, બદલવો પડયો. આ મિત્રોની કલમ માટે તો કહેવું પડે કે :

કલમ નથી કિરપાણ છે આ, વહેતી આરપાર તે;
સિરોહી તલવાર છે આ, રક્ત ટપકતી ધાર છે.

એમણે જે બેફામ લખ્યું છે એણે આવરણો ઓઢીને ફરનાર નકાબધારીઓના નકાબ ચીરી નાખ્યા છે. એક શિક્ષકની કલમમાં આટલી તાકાત, આટલું જોશ વર્ષો પછી જોવા મળ્યું છે. આપની પાછળ સંઘબળ હોવા છતાં વૈયક્તિક તાકાત જ અત્યંત મહત્ત્વની છે એમ મારું માનવું છે. અલબત્ત થોડા લાભ ખાતર દંડવત્ થઈ જનારાઓને આ બધું નહિ સમજાય. કરોડરજ્જુ ટટ્ટાર રાખવા માટે ત્યાગ અને બલિદાન માટે તૈયાર રહેવું પડે છે. આ મિત્રોના નેતૃત્વમાં બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ અન્ય જિલ્લાઓ માટે અને મહામંડળ માટે પણ પ્રેરક બની શકયો છે. આ સિદ્ધિ માટે દિલી અભિનન્દન.

એક ખ્યાતનામ શાયર અંબાલાલ 'ડાયર' કહે છે:

સહીને તાપ આપે છાંય એવું ઝાડ બનવા દે,
મને નિષ્પ્રાણ તત્ત્વોની ધબકતી નાડ બનવા દે;
નથી એવી તમન્ના કે ફૂલોની જેમ હું મ્હેંકું,
પરંતુ રક્ષવા ફૂલો થુવરની વાડ બનવા દે.

જિલ્લાના શિક્ષક સમુદાયનાં હિતોના રક્ષણની જવાબદારી જેમને મિત્રોએ સોંપી છે એ જવાબદારીને પોતાના સર્વસ્વના ભોગે નિભાવવા થોરની વાડ બનવાની તૈયારી રાખનાર મિત્રોને પુનઃ પુનઃ ધન્યવાદ !

## કોમ્પ્યુટર કૌશલ્યની સી.સી.સી./સી.સી.સી.પ્લસ પરીક્ષા પાસ કરવા અંગેનો તાઃ ૧૫-૦૬-૨૦૧૨નો પરિપત્ર

ગુજરાત સરકાર, સામાન્ય વહીવટ વિભાગ
**પરિપત્ર ક્રમાંકઃ પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-પાર્ટ. ૧-ક,**
સચિવાલય, ગાંધીનગર
તા: ૧૫/૦૬/૨૦૧૨

**વંચાણે લીધાઃ-**

(૧) સા.વ.વિ.નું તા: ૩૦-૯-૨૦૦૬નું જાહેરનામું ક્રમાંકઃ જીએસ-૨૦૦૬-૩૧-ખતપ-૧૦૨૦૦૫-૧૫૧૯-ક.

(૨) સા.વ.વિ.નું તા: ૩૦-૯-૨૦૦૬નો ઠરાવ ક્રમાંકઃ પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક.

(૩) સા.વ.વિ.નું તા: ૧૫-૦૬-૨૦૧૨નું જાહેરનામું ક્રમાંકઃ જીએસ-૨૦૧૨-૧૩-ખતપ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ-૧-ક.

**પરિપત્રઃ**

કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો-૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર સરકારી કર્મચારીઓ/ અધિકારીઓએ બઢતી મેળવવા માટે કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત સીસીસી/સીસીસી પ્લસની પરીક્ષા પાસ કરવાની રહે છે. ઉચ્ચત્તર પગાર ધોરણ બઢતીના વિકલ્પે આપવામાં આવેલ હોઈ, ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવવા માટે પણ આ પરીક્ષા પાસ કરવાની રહે છે. આમ છતાં, સરકારી કર્મચારીઓ / અધિકારીઓને કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત પરીક્ષા પાસ ન કરવાને કારણે સમયસર બઢતી કે ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ મળતો અટકે નહીં તે માટે સરકારશ્રી દ્વારા આ અંગે ઉદાર વલણ અપનાવીને કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત પરીક્ષા તા: ૩૧-૩-૨૦૦૭ સુધીમાં પાસ કરવાની શરતે બઢતી / ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરી શકશે, તેવી પ્રારંભમાં જોગવાઈ કરવામાં આવેલ હતી, જે મુદ્દત વખતોવખત લંબાવવામાં આવેલ છે અને હવે ઉપર વંચાણે લીધેલ ક્રમ: (૩) આગળના જાહેરનામાથી તે મુદ્દત તા: ૩૧-૧૨-૨૦૧૨ સુધી લંબાવામાં આવેલ છે. **આ મુદ્દત હવે તાઃ ૩૧-૧૨-૨૦૧૨ પછી નહીં લંબાવવાનો પણ સરકારશ્રીએ નિર્ણય કરેલ છે.** સરકારશ્રીના આ નિર્ણયને અનુલક્ષીને આ અંગે નીચે મુજબની સુચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવે છે:-

(૧) જે કર્મચારીઓ/અધિકારીઓને છેલ્લે તા: ૩૧-૩-૨૦૧૨ સુધીમાં સી.સી.સી./ સી.સી.સી. પ્લસ પરીક્ષા પાસ કરવાની શરતે બઢતી/ઉચ્ચત્તર પગાર ધોરણ મળેલ છે, અને જેમણે હજી સી.સી.સી./સી.સી.સી.પ્લસ પરીક્ષા પાસ કરવાની બાકી છે, તેવા કર્મચારીઓ/અધિકારીઓએ તા: ૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં અથવા તેમની વયનિવૃત્તિની તારીખ - એ બે માંથી જે વહેલું હોય ત્યાં સુધીમાં, આ પરીક્ષા અચૂક પાસ કરી લેવાની રહેશે અન્યથા તેમને આપવામાં આવેલ બઢતી/ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ પરત લેવામાં આવશે.

સંબંધિત વિભાગો/ખાતાઓના વડાઓ/કચેરીના વડાઓએ આવા કર્મચારીઓ/અધિકારીઓન અગ્રતા યાદી તૈયાર કરી, તેમને સી.સી.સી./ સી.સી.સી. પ્લસની તાલીમમાં મોકલવા માટે **પ્રથમ અગ્રતા** આપવાની રહેશે.

(૨) જે કર્મચારીઓ/અધિકારીઓને તા: ૧-૪-૨૦૧૨ કે ત્યાર બાદ સી.સી.સી./ સી.સી.સી. પ્લસ પાસ કરવાની શરતે બઢતી/ઉચ્ચત્તર પગાર ધોરણ આપવામાં આવે તેવા કર્મચારીઓ/અધિકારીઓએ તા: ૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં અથવા તેમની વયનિવૃત્તિની તારીખ એ બેમાંથી જે વહેલું હોય ત્યાંસુધીમાં આ પરીક્ષા પાસ કરી લેવાની રહેશે અન્યથા તેમને આપવામાં આવેલ બઢતી/ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ પરત લેવામાં આવશે.

સંબંધિત વિભાગો/ખાતાઓના વડાઓ/કચેરીના વડાઓએ આવા કર્મચારીઓ/અધિકારીઓની અગ્રતા યાદી તૈયાર કરી, તેમને સી.સી.સી./ સી.સી.સી. પ્લસની તાલીમમાં મોકલવા માટે **દ્વિતીય અગ્રતા** આપવાની રહેશે.

(૩) તા: ૧-૧-૨૦૧૩ના રોજથી જેમણે સી.સી.સી. /સી.સી.સી. પ્લસ પરીક્ષા પાસ કરી હોય માત્ર તેવા જ કર્મચારીઓ/ અધિકારીઓના કેસમાં બઢતી/ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા વિચારણા કરવાની રહેશે અને જેઓએ આવી પરીક્ષા પાસ કરી નહીં હોય તેમને બઢતી/ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર રહેશે નહિ.

૨. સચિવાલયના સર્વે વિભાગોને ઉક્ત સુચનાઓ તેમના વહીવટ

**( વધુ પાન-૩ ઉપર )**

## બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓના ફાજલ થતા શિક્ષકોને સમાવવા બાબતનો તાઃ ૦૧-૦૩-૨૦૧૧નો પત્ર

**<u>મોસ્ટ અરજન્ટ / ઈ- મેઈલથી</u>**

ક્રમાંક: અનદ/ઘ/ ફાજલ/૨૦૧૦-૧૧/૧૮૬૬-૯૬૩
કમિશ્નર, શાળાઓની કચેરી,
૯/૧, ડો.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા: ૦૧/૦૩/૨૦૧૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
(તમામ).

**વિષયઃ-** **બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓના ફાજલ થતા શિક્ષકોને સમાવવા બાબત.**

સંદર્ભઃ- (૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ/૧૩૧૦/૧૨૦૧/ગ, તા:૨૨-૧૧-૨૦૧૦.
(૨) આ કચેરીના પત્રાંક ક્રમાંક: બમશ/મા.૧/ધો-૮/ ફાજલ શિક્ષક/સ.મા./ ૧૦./૨૫૨૦૯-૩૫ તા: ૧૪-૧૨-૨૦૧૦.
(૩) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ/૧૩૧૦/૧૨૦૧/ગ, તા:૨૫-૦૨-૨૦૧૧.
(૪) શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક: બમશ/૧૩૧૦/૧૨૦૧/ગ, તા: ૦૧-૦૩-૨૦૧૧.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, સંદર્ભ-૧ અને ૨ થી ધોરણ-૮ને અપર પ્રાથમિક શાળામાં

સમાવેશ થવાના કારણે બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાના ફાજલ થતાં શિક્ષકોને રક્ષણ આપવા બાબતે તેમજ તે અંગે આનુષંગિક કાર્યવાહી કરવા સુચના આપવામાં આવેલ છે. સંદર્ભ- ૧માં જણાવેલ શિક્ષણ વિભાગના તા: ૨૨-૧૧-૨૦૧૦ના ઠરાવમાં કયા શિક્ષકોને ફાજલ કરવા તે અંગે તેમજ વર્ગદીઠ વિદ્યાર્થી પ્રવેશ સંખ્યા તેમજ સરાસરી હાજરી અંગે સ્પષ્ટતાઓ બહાર પાડવા અંગે સરકારશ્રીએ પુખ્ત વિચારણાના અંતે સંદર્ભ દર્શિત ક્રમાંક-૩ માં જણાવેલ શિક્ષણ વિભાગના તા: ૨૫-૦૨-૨૦૧૧ના ઠરાવથી સુચનાઓ બહાર પાડેલ છે. જેની નકલ આ સાથે સામેલ રાખેલ છે. ઉક્ત બંને ઠરાવો ધ્યાને લઈ ઠરાવમાં સુચવ્યા મુજબની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવા તમામ જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે.

★ આ કાર્યવાહી તા: ૩૧-૩-૨૦૧૧ સુધીમાં કેમ્પ રાખીને પારદર્શક કાર્યવાહી કરીને પુર્ણ કરવાની રહેશે.

★ શક્ય હોય ત્યાં સુધી વિષયની જરૂરીયાત ધ્યાને લઈ આવા શિક્ષકોને જિલ્લાઓની અનુદાનિત શાળાઓમાં ખાલી જગ્યા ઉપર તેમજ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીના પરામર્શમાં રહી અપર પ્રાથમિક શાળાઓમાં સમાવવાના રહેશે.

★ શિક્ષણ વિભાગના તા: ૨૨-૧૧-૨૦૧૧ના ઠરાવ મુજબ સંપૂર્ણ કાર્યવાહી બાદ જે શિક્ષકોને અનુદાનિત માધ્યમિક શાળા કે શિક્ષણ સમિતિ સંચાલિત અપર પ્રાથમિક શાળામાં આપના જિલ્લામાં ન સમાવી શકાય તેવા શિક્ષકોની યાદી સંદર્ભ-૨થી આ કચેરીના પત્રમાં જણાવેલ નિયત પત્રક-૧ થી ૪માં સંપૂર્ણ માહિતી આ કચેરીને તા: ૦૧-૦૪-૨૦૧૧ સુધીમાં મોકલી આપવાની રહેશે.

★ સમગ્ર કાર્યવાહી સંપૂર્ણ ચકાસણી કર્યા બાદ સરકારશ્રીના સ્થાયી ઠરાવો, જોગવાઈઓ, પરિપત્રોનું પાલન કરવાનું રહેશે અન્યથા આ અંગે ઉભી થનાર પરિસ્થિતિ અંગે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની જવાબદારી રહેશે.

ઉપરોક્ત કાર્યવાહી પુર્ણ કર્યા બાદ સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા: ૧૧-૨-૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક: બમશ/૧૧૦૯/૧૧૦૬/ગ. અન્વયે આપના જિલ્લામાં બિન સરકારી અનુદાનિત માધ્યમિક / ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વિષયવાર અને કેટેગરી વાઈઝ કેટલા શિક્ષણ સહાયકો/આચાર્યની જરૂરીયાત ઉભી થશે તે અંગેનું માંગણા પત્રક તા: ૭-૪-૨૦૧૧ સુધીમાં સંપૂર્ણ વિગતો સાથે એ-૪ સાઈઝના પેપરમાં સરકારશ્રીએ નિર્ધારીત કરેલ શ્રુતિ (ગુજરાતી) ફોન્ટમાં એકસેલ માં સોફ્ટ કોપી તથા હાર્ડ કોપીમાં મોકલવાની રહેશે. આ માંગણા પત્રક વિષયવાર કાર્યભારની ચકાસણી, રોસ્ટર રજીસ્ટરની ચકાસણી કરી સરકારશ્રીના સ્થાયી ઠરાવ અને જોગવાઈઓ અન્વયે પુરી ચકાસણી કરી મોકલાનું રહેશે.

આ સુચનાઓનો તાત્કાલિક અમલ કરવાનું રહેશે.

**( ડો.વી.બી.ભેંસદડીયા)**
**સંયુક્ત શિક્ષણ નિયામક (માધ્યમિક)**
**ગુ.રા., ગાંધીનગર**

**મુખ્ય સંપાદક :** શ્રી હરપાલસિંહ પી. પઢિયાર સરદાર કૃષિનગર વિદ્યાલય, દાંતીવાડા મો. ૯૯૨૫૨ ७९७१०
**સંપાદક મંડળ :**(૧)શ્રી કે.આર.સૈયદ- ગુજરાત હાઈસ્કૂલ, પાલનપુર (૨) શ્રી સેવંતીલાલ દરજી-(કુંભાસણ) પાલનપુર ગ્રામ્ય.(૩) શ્રી કનુભાઈ વી.મોદી (કુડા) ડીસા (૪) શ્રી રામજીભાઈ જોશી-દિયોદર (૫) શ્રી અંબાલાલ પરમાર -ધાનેરા (૬) શ્રી સુભાષભાઈ વ્યાસ-(માવસરી) વાવ (૭) શ્રી ભરતભાઈ ડાભાણી-(ભોરડું) થરાદ (૮) શ્રી સુરેશભાઈ ઠાકર- કાંકરેજ (૯) શ્રી રસુલભાઈ પી. માકણોજીયા- (ઈકબાલગઢ) અમીરગઢ.
**મુદ્રક : વિશાલ ઓફસેટ, દ્રોણ બિલ્ડીંગ, જિ.પંચાયત સામે, પાલનપુર. ફોનઃ (ઓ) ૨૫૭૯૫૧ (રહે.) ૨૫૭૮૬૬.**
**નોંધઃ (૧) અત્રે છપાયેલ લેખોમાં લેખકના વિચારો સાથે તંત્રી સહમત જ છે એવું ક્યારેય શક્ય ન પણ હોય.**
**(૨) કાનૂની વિવાદનું ક્ષેત્ર માત્ર પાલનપુર શહેર જ રહેશે.**